સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.), રાજુલા, જિ.અમરેલી માટે મકાન ભાડે રાખવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૩૯૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૧૧/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/03/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./મ.ભા./૧૯-૨૦/૧૫૩
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૫/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/સ.છા./મ.ભા./૨૦૨૦-૨૧/૧૨૫૧

**આમુખઃ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) પરના પત્રોથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.), રાજુલા, જિ.અમરેલી માટે સુશ્રી નજમાબાનુ નિઝારઅલી ડોસાણી રે.રાજુલાની માલિકીનું જાફરાબાદ રોડ, જલારામ મંદિર સામે, રાજુલા ખાતે આવેલ મકાન ભાડે રાખવાની માટેની દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.), રાજુલા, જિ.અમરેલી માટે માસિક ભાડુ રૂ.૪૦,000/- (રૂપિયા ચાલીસ હજાર પૂરા) મુજબ સુશ્રી નજમાબાનુ નિઝારઅલી ડોસાણી રે.રાજુલાની માલિકીનું જાફરાબાદ રોડ, જલારામ મંદિર સામે, રાજુલા ખાતે આવેલ મકાન ભાડે રાખવાની નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.
(૨) આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારાવધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.

(P.T.O)

(૩) મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે તથા યોગ્ય સેનીટેશન મકાનમાલિકે જાળવવાનું રહેશે.

(૪) મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખાની પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.

(૫) મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

(૭) ફાયર સેફટી અંગેની વખતોવખતની સરકારી ગાઇડ્લાઇન્સનું પાલન કરવાનું રહેશે.

(૮) કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર દર વર્ષે નવેસરથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૦૬/૧૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમરેલી.

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.), અમરેલી. [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફતે]

(૭) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૮) સિલેકટ ફાઇલ